


*મહેસાણા જિલ્લાના ખેરાળુ તાલુકાના મલેકપુર ગામની સીમમાં આજે દિપડાએ દેખા દીધી હતી. દિપડાએ બે-ચાર લોકો પર હુમલો કરી ઘાયલ કર્યા હોવાના પણ અહેવાલ પ્રાપ્ત થયા છે. આ ઘટનાને પગલે વન વિભાગની ટીમે રેસક્યુ ઓપરેશન હાથ ધરી દિપડાને પકડી પાડવા પિંજરા ગોઠવ્યા હતા. પરંતુ, આ લખાય છે ત્યાં સુધી દિપડો ન પકડાતા સ્થાનિક લોકોમાં ભયનો માહોલ ઉભો થવા પામ્યો છે.*

# ધાનેરાના રહેણાંક વિસ્તારમાં ધમધમતો ગાડીઓ તોડવાનો કાળો કારોબાર

## નિયમોને નેવે મૂકી ગેરકાયદેસર કબાડી ખાનું ચલાવતો રાજગ ભંગારી કોણ...? : ધાનેરાનું સ્થાનિક તંત્ર આ બાબત તાપસ કરશે ખરા : કોની મહેરબાનીથી ચાલી રહ્યો છે કાળો કારોબાર

ધાનેરા, તા. ૨૪

ધાનેરાના લાધપુરા વિસ્તારના રહેણાંક વિસ્તારમાં વર્ષોથી ગેરકાયદેસર ગાડીઓ તોડવાનો કાળો કારોબાર વર્ષોથી ચાલી રહ્યો છે અને રજાગ ભંગારી નામનો વ્યક્તિ દરરોજની મોટી સંખ્યામાં ગાડીઓ તોડી કાળી કમાણી કરી રહ્યો છે. છતાં પણ તંત્ર દ્વારા કોઈ પગલાં ન ભરતા ધાનેરામાં અનેક સવાલ ઉઠવા પામ્યા છે. આ ભંગારી પાસે દુકાન ચલાવવા માટે કોઈ ને પણ પરકલરનું લાયસન્સ પણ જોવા મળતું નથી અને ખુલ્લે આમ નિયમોને નેવે મૂકી જાને કોઈનો ડર ન હોય તેમ બિન્દાસથી આ કાળો કારોબાર ચલાવી રહ્યો છે.

ધાનેરાના લોકો ઈચ્છી રહ્યા છે કે ધાનેરાનું સ્થાનિક તંત્ર જાગૃત બને અને તાત્કાલિક આની સામે પગલાં બહરે તેવી લોક માંગ ઉઠવા પામી છે તો બીજી તરફ ધાનેરાના લોકો જણાવી રહ્યા છે કે આ કાળા કારોબારમાં કોનો હાથ છે અને કોની



મહેરબાનીથી આ ધંધો ચાલી રહ્યો છે તેવા અનેક સવાલ ધાનેરામાં ઉઠવા પામ્યા છે. જો કોઈ આ કાળા કારોબારમાં સામેલ ન હોય તો તાત્કાલિક તંત્ર જાગે અને આ રજાગ ભંગારી ને પાથ ભણાવી જેલ ભેગો કરે !

એક બાજુ ધાનેરામાં દિવસે ને દિવસે વાહન ચોરીના બનાવોમાં વધારો જોવા મળી રહ્યો છે ત્યારે આ ભંગારી બિન્દાસ થી ગાડી તોડી રહ્યો છે તંત્ર દ્વારા એ પણ તાપસ કરાવવી જોઈએ કે આ ભંગારી દરરોજ ગાડીઓ લાવે છે ક્યાંથી અને બીજું પણ લોકો ધ્વરા જાણવા મળ્યું છે કે આ ભંગારી ગાડીઓ તોડવાની સાથે સાથે આર સી બુક નું પણ કૌભાંડ ચલાવે છે જો નિયમોની વાત કરવામાં આવે જે તે ગાડી ખરાબ થઈ ગઈ હોય તેને આર. ટી. ઓ. શ્રીની કચેરીમાંથી તેનું રજીસ્ટ્રેશન રોજ કરાવવાનું હોય છે અને તે બાદ જ ગાડીને ભંગારમાં વેચવાની હોય છે.

પરંતુ ધાનેરામાં તો કૈક અવળી જ ગંગા જોવા મળી રહી છે કારણે આ ભંગારી જે ગાડી ભંગારમાં ખરીદીને લાવે તેને તોડીને ભંગારમાં વેચે અને તેનું કોઈ જ રજીસ્ટ્રેશન રોજ કરાવતો નથી અને તેની આર સી બુક પણ ઉંચા ભાવે વેચાતો હોવાની ધાનેરામાં બૂમ ઉઠવા પામી છે માટે જો ધાનેરાના તંત્ર જાગૃત બને અને તેની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધારે તો માસ મોટું કૌભાંડ બહાર આવવાની શક્યતાઓ સેવાઈ રહી છે ત્યારે હવે જોવાનું એ રહે છે કે તંત્ર આ ભંગારી સામે ક્યારે પગલાં ભરે છે.

# મોડાસા શહેરના થિયેટરમાં સલમાન ખાનની ફિલ્મનું પ્રસારણ અટકાવવા વાલ્મિકી સમાજની ઉગ્ર માંગ

## સલમાન ખાન અને શિલ્પા શેટ્ટીનું પૂતળા દહન : એટલાન્ટા થિયેટર મોટી સંખ્યામાં પોલીસે કાફલો : થિયેટરના માલિકે મંગળવારે ફિલ્મનું પ્રસારણ એક દિવસ બંધ રાખશે

મોડાસા, તા. ૨૪

અરવલ્લી જિલ્લા સહીત



મોડાસા શહેરમાં વાલ્મિકી સમાજ અભિનેતા સલમાન ખાન અને અભિનેત્રી શિલ્પા શેટ્ટી એ વાલ્મિકી સમાજ માટે અપશબ્દનો પ્રયોગ કરતા ભારે રોષ સાથે અકરાપાણીએ થયા હોય તેમ ઠેર ઠેર આવેદનપત્ર અને પૂતળા દહન કરવામાં આવી રહ્યું છે.

રવિવારે ૩૦૦ થી વધુ વાલ્મિકી સમાજના અગ્રણીઓ અને યુવાનો દ્વારા મોડાસાના થિયટરોમાં પ્રદર્શિત કરવામાં આવતા સલમાન ખાનના એક થા ટાઈગર ફિલ્મ અટકાવવાની માંગ



સાથે સૂત્રોચ્ચાર કરી બંનેનું પૂતળા દહન કરવામાં આવ્યું હતું વાલ્મિકી સમાજ મોડાસાના એટલાન્ટા થિયેટરે ટોળું પહોંચતા પોલીસ કાફલો પણ થિયેટરે પહોંચી વિરોધ પ્રદર્શન મોટું સ્વરૂપ ધારણ કરે તે પહેલા વાલ્મિકી સમાજ સાથે થિયેટરના માલિક સાથે આ અંગે વિસ્તૃત ચર્ચા કરી તેમની માંગ સ્વીકારી વાલ્મિકી સમાજના સમર્થનમાં મંગળવારે થિયેટર બંધ રાખવાનો નિર્ણય લીધો હતો.

સમગ્ર ઘટનાથી થોડી વાર માટે સર્જાયેલી અરાજકતા શાંત પડતા એટલાન્ટા થિયેટરના માલિક અને પોલીસે રાહતનો શ્વાસ લીધો હતો.

# પાલનપુરમાં ફાયરિંગ કેસમાં જમ્મુ કાશ્મીરનું કનેક્શન બહાર આવ્યું

## માલણના શખ્સે કાશ્મીરથી ત્રણ હથિયારો ગેરકાયદેસર લાવી રાખ્યા હોવાની રાવ : હથિયારો લાવી આપનારા રાજસ્થાનના બે શખ્સો સહિત 3 સામે ફરિયાદ

પાલનપુરના રેલવે સ્ટેશન વિસ્તાર માં આવેલી હોટલના કબજાને લઈને આજથી સાડા ત્રણ માસ અગાઉ ધોળા દહાડે લઘુમતિ સમુદાયના બે જુથો વચ્ચે ગેંગવોર થઈ હતી. આ ફાયરિંગ કેસમાં ઝડપાયેલ રિવોલ્વરનું કનેક્શન જમ્મુ કાશ્મીર લંબાતા પોલીસે તપાસ હાથ ધરી હતી. જે તપાસ દરમિયાન, રિવોલ્વર સહિત અન્ય બે હથિયારો પણ ગેરકાયદેસરના મળી આવતા પોલીસે માલણના શખ્સ સહિત કુલ ૩ વ્યક્તિઓ સામે આર્મ્સ એક્ટ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ઘટનાની ભીતરી વિગતો જોઈએ તો, પાલનપુરમાં ગત ૧૧મી સપ્ટેમ્બરના રોજ રેલવે




સ્ટેશન રોડ ઉપર આવેલી રહીમી હોટલના કબજાને લઈને મુસ્લિમ કોમના બે જુથો લોહિયાળ જંગ ખેલાયો હતો. જેમાં સામસામે ફાયરિંગ થતાં ચાર વ્યકિતઓને ઈજા થવા પામી હતી. આ ઘટનામાં પોલીસે માલણ ગામના અફઝલખાન ઉર્ફે લાલો નજીરખાન ઘાસુરા પાસેથી રિવોલ્વર કબ્જે લીધી હતી. જેના લાયસન્સ અંગેની તપાસ કરતાં આ રિવોલ્વર ઉપરાંત રાયફલ અને બાર બોર બંદૂક તેણે કાશ્મીરથી ગેરકાયદે લાવી હોવાની ચોંકાવનારી વિગત બહાર આવી હતી.

આ અંગે પાલનપુર શહેર પૂર્વ પોલીસ મથકના પી.આઈ.વાય. એમ. મિશ્રાએ ફરિયાદ નોંધાવતાં અફઝલ ઘાસુરા સામે આર્મ્સ એક્ટ કલમ ૨૫(૧)(એ) મુજબ ગૂનો નોંધી પીએસઆઇ ટી. જે. દેસાઇ વધુ તપાસ ચલાવી રહ્યા છે.

# બનાસ મેડીકલ કોલેજની સ્થાપના માટે દૂધ ઉત્પાદકો સહભાગી બન્યા

બનાસ ડેરીના આદ્યસ્થાપક સ્વ. ગલબાકાકાની સ્મૃતિ અખંડ રહે અને તેમનો સેવા કરવાનો ગુણ સદાય ચાલતો રહે તે હેતુથી બનાસ ડેરીએ તેમની જન્મ શતાબ્દી વર્ષની



ઉજવણી નિમિત્તે ગલબાભાઈ નાનજીભાઈ પટેલ ચેરીટેબલ ટ્રસ્ટની સ્થાપના કરેલ છે. આ ટ્રસ્ટ થકી બનાસકાંઠા જિલ્લામાં અનેકવિધ સેવાલક્ષી પ્રવૃત્તિની શરૂઆત કરી છે અને તેનો અનેક લોકોને લાભ મળી રહ્યો છે.

દેશમાં પહેલી વખત એવી ઘટના બનવા જઈ રહી છે કે ખેડૂતો દૂધ ઉત્પાદકોના સહયોગથી મેડિકલ કોલેજ અને રીસર્ચ ઈન્સ્ટિટ્યુટની શરૂઆત થઈ હોય. બનાસકાંઠાના વડા મથક પાલનપુરના મોરિયા ખાતે મેડિકલ કોલેજની શરૂઆત કરવા માટે જઈ રહ્યા છીએ ત્યારે બૃહદ બનાસકાંઠા જિલ્લાના ૪ લાખ, ૨૨ હજાર દૂધ ઉત્પાદકો ધર્માદા ફંડ આપીને સહભાગી બન્યા છે.

સામાજિક કલ્યાણ થાય, સમાજ સેવા થયા તે હેતુ માટે જિલ્લાની દરેક દૂધ ઉત્પાદક સહકારી મંડળીમાં ધર્માદા ફંડ જમા થયેલ હોય છે, તે માટે જિલ્લા સહકારી સંઘની મંજૂરી લઈને વાપરી શકાય છે. ગલબાભાઈ નાનજીભાઈ પટેલ ચેરીટેબલ ટ્રસ્ટમાં ધર્માદા ફંડ એટલે કે બનાસ મેડિકલ કોલેજ અને રીસર્ચ ઈન્સ્ટિટયુટ માટે દાન આપવા માટે અવિરત પ્રવાહ ચાલુ છે. દૂધ ઉત્પાદકોનું અંગતપણે એવું માનવું છે કે એક સમય હતો કે બનાસકાંઠા જિલ્લામાં કોઈ પણ માણસ બિમાર પડે ત્યારે દૂર શહેર સુધી જવું પડતું હતું પરંતુ હવે ઘરના આંગણે તમામ પ્રકારની સુવિધાવાળી હોસ્પિટલ તૈયાર થવા જઈ રહી છે તેથી દૂર શહેર સુધી જવું નહીં પડે. બનાસ ડેરીના કોઈ પણ દૂધ ઉત્પાદક સભ્ય બિમાર પડશે તેને ખૂબ સારી રીતે સેવા મળશે. બનાસકાંઠા જિલ્લાના દૂધ ઉત્પાદકો બનાસ મેડિકલ કોલેજ અને રીસર્ચ ઈન્સ્ટિટ્યુટમાં ધર્માદા ફંડ આપીને ગલબાકાકાની જન્મ શતાબ્દી ઉજવણીમાં પણ પોતાનો સહયોગ આપી રહ્યા છે.

બનાસ ડેરીના ચેરમેન શંકરભાઈ ચૌધરીના માર્ગદર્શન હેઠળ ગલબાભાઈ નાનજીભાઈ પટેલની જન્મ શતાબ્દીના અવસરે અનેક પરોપકારી કાર્ય થાય તે માટે ટ્રસ્ટની સ્થાપના કરવામાં આવી છે. જેમાં ખાસ કરીને કર્મચારી આરોગ્ય કેન્દ્ર સંચાલન, ગ્રામ્ય કક્ષાએ માનવ આરોગ્ય માટે જાગૃતિના કાર્યક્રમો કરવા સાથે લેખો પ્રસિદ્ધ કરવા, જનરિક દવાના સ્ટોર ખોલવા વગેરેનો સમાવેશ થાય છે. બનાસકાંઠામાં આરોગ્યની સેવાઓ સરળતાથી ઉચ્ચ કક્ષાની અને સસ્તી મળી રહે તે માટે ટ્રસ્ટ દ્વારા હાલમાં બનાસ મેડિકલ કોલેજ અને રીસર્ચ ઈન્સ્ટિટ્યુટની સ્થાપનાનું ભગીરથ કાર્ય કરવામાં આવ્યું છે.




મોડાસા શહેરના જાણીતા તબીબ સ્વ.ડૉ.નાથાલાલ શાહ ના સ્મરણાર્થે અને સમતા વિકાસ અને અન્નપુર્ણા ચેરીટેબલ ટ્રસ્ટ ના સહયોગ થી મફત નેત્ર નિદાન કેમ્પ નું આયોજન કરવામાં આવ્યું હતું નેત્ર નિદાન કેમ્પ માં અમદાવાદ ની જાણીતી નવલભાઈ હીરાબા હોસ્પિટલ ના તબીબો એ સેવા આપી હતી જેમાં અરવલ્લી જિલ્લા સહીત અન્ય વિસ્તારના ૩૦૦ થી વધુ દર્દીઓ નેત્રનિદાન કેમ્પ નો લાભ લીધો હતો તદુપરાંત ડાયાબિટીસ અને બી.પી ના રોગ થી પીડાતા દર્દીઓની તાપસ મોડાસા કલરવ શાળામાં યોજવામાં આવ્યો હતો આ કેમ્પમાં મોડાસાના અગ્રણી એવા અન્નપૂર્ણા ટ્રસ્ટના ચેરમેન ડૉ.અરુણભાઈ શાહ,સુભાષભાઈ શાહ,સુરેન્દ્ર શાહ,દિલીપ પટેલ ,વિનોદ પટેલ,દિલીપ શાહ મોડાસા કેળવણી મંડળ ના પ્રમુખ બિપીનભાઈ શાહ, નિલેશભાઈ શાહ,ડૉ.સંતોષ દેવકર સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# મોડાસાના અજન્ટા કોમ્પ્લેક્ષમાં ભરાયેલ વરસાદી પાણીથી રોગચાળાનો ભય

અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં આડેધડ કોમર્શિયલ બાંધકામ કરવાની સાથે યોગ્ય પાર્કિંગની અને વરસાદી પાણીના નિકાલ ની વ્યવસ્થા ના કરાતા કોમ્પલેક્ષમાં દુકાનો ખરીદનાર દુકાનદારો અને ગ્રાહકોને પારાવાર મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે મોડાસા એસટી બસ સ્ટેન્ડ પાછળના વિસ્તારમાં આવેલા અજંટા કોમ્પ્લેક્સના બેઝમેન્ટમાં ચોમાસામાં ભરાયેલ વરસાદી પાણી નો યોગ્ય નિકાલ ના થતા ભરાયેલા પાણી ગંદકી થી ખદબદી ઉઠતા સમગ્ર વિસ્તાર માં અસહ્ય દુર્ગંધ ફેલાતા વહેપારીઓ,ગ્રાહકો અને રાહદારીઓમાં ભારે રોષ ફેલાયો છે અજંટા કોમ્પલેક્ષ ના દુકાનદારો એ જવાબદાર સત્તાવાળાઓ સામે વારંવાર રજુઆત કરવા છતાં કાર્યવાહી ના થતો લોકોમાં ભારે રોષ ફેલાયો છે.

અજંટા કોમ્પલેક્ષમાં ભરાયેલા વરસાદી પાણીમાં લોકો કચરો ઠાલવતા હોવાથી ગંદકીના થર જામવાની સાથે ગંદકીથી ખદબદતા અને વરસાદી પાણીમાં ખોરાકની લાલચે કુતરા બિલાડા




સહીત પ્રાણીઓ ખાબકતા મૃત્યુ પામતા કોહવાયેલા મૃતદેહ માંથી માથું ફાડી નાખે તેવી દુર્ગન્ધ થી દુકાનદારો અને ગ્રાહકો તોબા પોકારી ઉઠ્યા છે સતત ભરાયેલા વરસાદી પાણી થી મચ્છરનો ઉપદ્રવ વધતા મચ્છરજન્ય રોગચાળો ફાટી નીકળવાનો ભય સતાવી રહ્યો છે ત્યારે જવાબદાર તંત્ર દ્વારા વરસાદી પાણી નો નિકાલ ઝડપથી કરવામાં લોકો અને દુકાનદારોમાં માંગ.

# પેપર લીક કરવાના કેસમાં ૩ આરોપીના જામીન ફગાવાયા

અમદાવાદ,તા. ૨૪

મહીસાગર જિલ્લામાં માર્ચ-૨૦૧૭માં લેવાયેલી ધોરણ-૧૦ની પરીક્ષામાં અંગ્રેજીનું પ્રશ્નપત્ર લીક કરી વાયરલ કરવાના રાજયભરમાં ખળભળાટ મચાવનારા કેસમાં મહીસાગર જિલ્લાના મુંખોસલાની સર્વોદય હાઈસ્કૂલના હિતેન્દ્ર મગનલાલ પ્રજાપતિ, હર્ષદ રમણલાલ પ્રજાપતિ સહિતના ત્રણ આરોપીઓને રેગ્યુલર જામીન મેળવવા સુપ્રીમકોર્ટમાં કરેલી સ્પેશ્યલ લીવ પિટિશનો સુપ્રીમકોર્ટે પણ આકરા વલણ સાથે ફગાવી દીધી હતી. વિદ્યાર્થીઓની કારકિર્દી અને તેમના ભવિષ્ય સાથે ચેડાં કરવાના ગુનાની ગંભીરતા ધ્યાને લઇ સુપ્રીમકોર્ટના જસ્ટિસ જે.ચેલશ્વેરમ અને જસ્ટિસ સંજય કિશન કૌલની ખંડપીઠે ત્રણેય આરોપીઓના જામીન રદ કરવાના ગુજરાત હાઈકોર્ટના હુકમને બહાલ રાખ્યો હતો અને તેમાં દરમ્યાનગીરી કરવાનો સાફ ઈનકાર કરી દીધો હતો, આમ વિદ્યાર્થીઓના ભવિષ્ય અને કારકિર્દી કરનારા આરોપીઓને સુપ્રીમકોર્ટમાંથી પણ કોઇ રાહત મળી ન હતી. મહીસાગર જિલ્લામાં માર્ચ-૨૦૧૭માં લેવાયેલી ધોરણ-૧૦ની પરીક્ષામાં અંગ્રેજીનું પ્રશ્નપત્ર લીક કરી વાયરલ કરવાના રાજયભરમાં ખળભળાટ મચાવનારા કેસમાં આરોપી મહીસાગર જિલ્લાના મુંખોસલાની સર્વોદય હાઈસ્કૂલના હિતેન્દ્ર મગનલાલ પ્રજાપતિ, સર્વોદય હાઈસ્કૂલના કલાર્ક રમણલાલ ધુળાભાઈ પ્રજાપતિ, તેમના પુત્ર હર્ષદ રમણલાલ પ્રજાપતિ અને હિતેશ ચુનીલાલ અગ્રવાલના જામીન ગુજરાત હાઈકોર્ટના જસ્ટિસ એ.વાય.કોગજેએ ફગાવી દીધા હતા અને તાત્કાલિક જેલ હવાલે કરતો હુકમ કર્યો હતો, જયારે અન્ય ચાર આરોપીઓ દાહોદ ઝોનના ઝોનલ ઓફિસર પ્રહલાદ ભીખાભાઈ રાણા, આસીસ્ટન્ટ ઝોનલ ઓફિસર બાબુલાલ પ્રજાપતિ, કીરીટકુમાર તુલસીદાસ પટેલ અને પ્રીતેશ પટેલના જામીનના કિસ્સામાં હાઈકોર્ટે ટ્રાયલ કોર્ટને નવેસરથી નિર્ણય લેવા માટે મેટર ટ્રાયલ કોર્ટને રિમાન્ડ કરી હતી.